પેરોલ મંજુર કરવા બાબત...

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંક : HD/JLK/e-file/8/2025/6077/J
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૧૦/૨૦૨૫.

વંચાણે લીધા :
(૧) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંક : જલક/૩૯૨૦૧૨/મંત્રી-૭૮/જ, તા.૨૯/૦૬/૨૦૧૨
(૨) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંક : જલક/૩૯૨૦૧૪/મંત્રી-૭૮/જ, તા.૦૪/૧૦/૨૦૧૪
(૩) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંક : જલક/૩૯૨૦૧૪/HC-૩૮/જ, તા.૦૮/૧૨/૨૦૧૪

પરિપત્ર:

રાજ્યની જેલોના સજા પામેલ કેદીઓને પેરોલ/ફર્લો મંજૂર કરવાની રજૂઆત પરત્વે જેલ રેકર્ડને ધ્યાનમાં લઇ જેઓને પેરોલ/ફર્લો મંજૂર કરવાની સત્તા છે તેવા સંબંધિત તમામ સત્તાધિકારીશ્રીઓને શક્ય તેટલી ઝડપે નિર્ણય લેવા અંગે વંચાણે લીધા ક્રમાંક : (૧) થી (૩) સામે દર્શાવેલ પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે, ચોક્કસ પારિવારીક પ્રસંગોપાત અથવા પારિવારીક સદસ્ય(માતા-પિતા, ભાઇ-બહેન, પતિ/પત્ની, બાળક)ના અવસાન નિમિત્તે તથા ગંભીર સ્વાસ્થ્યના કારણોસર કેદી દ્વારા પેરોલ/ફર્લો મંજૂર કરવા થયેલ રજૂઆત પરત્વે સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ દ્વારા તેઓનો અભિપ્રાય આપવામાં અનાવશ્યક વિલંબ કરવામાં આવે છે તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તરફથી નિર્ધારીત યથા સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવતો નથી અને ઘણા જ વિલંબથી અવસર વીતી ગયા બાદ કેદીની પેરોલ રજૂઆતનો નિર્ણય લેવામાં આવે છે. જેથી સરકારશ્રીની આ અંગેની વખતોવખતની સૂચનાઓને પેરોલ/ફર્લો મંજુર કરનાર સત્તાધીશો દ્વારા હળવાશથી લેવામાં આવતી હોવાનું પ્રતિપાદીત થાય છે. જે બાબત ઉચિત નથી.

૨. કેદીઓની પેરોલ/ફર્લો મંજૂર કરવાની રજૂઆત પરત્વે વિલંબથી થતી કાર્યવાહીને પરિણામે કેદીઓ દ્વારા ઉપર જણાવેલ ચોક્કસ પારિવારીક પ્રસંગોપાત પણ પેરોલ/ફર્લો મંજુર કરવા અંગે નામ.હાઇકોર્ટ ખાતે પીટીશનો દાખલ કરાતી હોય છે જેને નામ.હાઇકોર્ટે ઘણી જ ગંભીરતાથી લઇ, રાજ્ય સરકારની કાર્યપ્રણાલી બાબતે નારાજગી વ્યકત કરેલ છે. જેના પરિણામે રાજ્ય સરકારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડેલ છે, જે ઘણી જ ખેદજનક બાબત છે.

૩. ઉક્ત હકીકત ધ્યાને લઇ કેદીની પેરોલ મંજૂર કરવા થયેલ રજૂઆત પરત્વે સક્ષમ સત્તાધીશોને નીચે જણાવ્યા મુજબની કાર્યપ્રણાલીનું ચૂસ્તપણે પાલન કરવા સૂચિત કરવામાં આવે છે.

- કેદીના નજીકના પરિવારીક સદસ્ય(માતા-પિતા, ભાઇ-બહેન, પતિ/પત્ની, બાળક)ના અવસાન તથા ખૂબજ ગંભીર બીમારીના કિસ્સામાં કેદી દ્વારા પેરોલ મંજુર કરવા માટે અરજી કરવામાં આવે ત્યારે જે તે જેલના અધીક્ષકશ્રીએ પ્રમાણભુત આધારો મેળવી, તેની તાકીદે ખરાઇ કરી પોલીસ અભિપ્રાયની રાહ જોયા વિના તાત્કાલિક પેરોલ મંજૂર કરનાર સક્ષમ સત્તાધીશો તરફ મોકલી આપવાની રહેશે અને જે મળ્યેથી સક્ષમ સત્તાધીશોએ તુર્તજ નિર્ણય કરવાનો રહેશે..

- કેદીના પરિવારના સદસ્યો(માતા-પિતા, ભાઇ-બહેન, પતિ/પત્ની, બાળક)ના ગંભીર સ્વાસ્થ્યના કારણોસર પેરોલ મંજુર કરવા માટે કેદીના પરિવારના સંબંધિત બીમાર સદસ્યના તબીબી પ્રમાણપત્ર સહિતની અરજી મળે ત્યારે સંબંધિત પોલીસ અધિકારી દ્વારા દિન-૦૭માં

પોતાનો અભિપ્રાય આપવાનો રહેશે અને ઉક્ત અભિપ્રાય મળ્યેથી દિન–૦૩માં સંબંધિત સત્તાધીશોએ નિર્ણય કરવાનો રહેશે

- તે સિવાયના અન્ય કિસ્સાઓમાં કેદીની પેરોલ મંજુર કરવા માટે અરજી મળે ત્યારે સંબંધિત પોલીસ અધિકારી દ્વારા અરજી મળ્યેથી દિન–૧૦માં પોતાનો અભિપ્રાય આપવાનો રહેશે અને ઉક્ત અભિપ્રાય મળ્યેથી દિન–૦૭માં સંબંધિત સત્તાધીશોએ નિર્ણય કરવાનો રહેશે.

૪. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા સંબંધિત સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ,
- તમામ અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/સબ જેલ/ઓપન જેલ(જે.ઈ.જ.શ્રી મારફત)
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ./ સિલેકટ ફાઇલ,